






## ખેડબ્રહ્મા તાલુકાની ગીરીમાળા જય અંબે નાદથી ગુંજી ઉઠ્યા...

આ માર્ગો પર જાણે માનવ સાંકળ રચાઈ હોય તેવું લાગે છે ઠેર ઠેર શ્રદ્ધા અને ભક્તિનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે. ખેડબ્રહ્મા પોલીસ દ્વારા સુરક્ષા અને સલામતી માટે આયોજન કરવામાં આવ્યું છે. વિસામામાં પદયાત્રીઓને આવકારવા સેવા ભાવી મંડળના કાર્યકરો ઉત્સુક બન્યા. ખેડબ્રહ્મા થઈને અંબાજી જતા પદયાત્રીઓએ માર્ગો પર પસાર થતી વખતે બોલમારી અંબે જય જય અંબેનો ગગનભેદી જયઘોસ સાથે આગળ વધી રહ્યા છે. હાઈવે પરથી જતાં કેટલાક વાહન ચાલકો પણ પદયાત્રીઓને જય અંબેના જયઘોષ સાથે સૂર પુરાવી રહ્યાછે જેને લઈને પદયાત્રીઓનો ઉત્સુકતા વધવા પામી હતી. ખેડબ્રહ્મા ખાતે ૧૯ સપ્ટેમ્બરના રોજ જગત જનની મા અંબાના ધામમાં ભાદરવી પુનમનો મેળાનો પારંભ થઈ રહ્યો છે. આ મેળામાં લાખો યાત્રીઓ મા ના ચરણોમાં શિશ ઝુકાવશે હાલમાં હાઈવે પર કીડીયારુ ઉભરાઈ રહ્યું છે. જ્યારે પદયાત્રીઓનો પ્રવાહને લઈને ઠેરઠેર સામીયાણા બંધાયા છે. જેમાં શુધ્ધ પીવાના પાણીની સગવડો જમવાની સગવડ તથા મેડીકલ જેવી સુવિધાઓ ઠેર ઠેર કરવામાં આવી છે. નગરપાલિકાના કર્મચારીઓ મારફતે સતત સફાઈની કામગીરી થઈ રહી છે. પોલીસ તંત્ર દ્વારા સતત પેટ્રોલીંગ પુરી પાડવામાં આવી રહી છે. માર્ગો પણ પદયાત્રીઓને ધસારો વધતા રસ્તાઓ વનવે બની રહ્યા છે. સરકાર દ્વારા પણ સેવાના ભાગરૂપે ઠેર ઠેર મેડિકલ સેવા કેમ્પ ઉભા કરાયા છે.



મહેસાણા શહેર અને તોરણવાળી માતાજી ટ્રસ્ટના ઉપક્રમે ૬૬૧માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આઈ.જી. ગાંધીનગરના આર.બી. બ્રહ્મભટ્ટે કેક કાપી મંગલ દિપ પ્રગટાવી સંતવાણીનો શુભારંભ કર્યો હતો તે પ્રસંગની તસવીરમાં જિલ્લા બાર એસો.ના પ્રમુખ આર. એન. બારોટ, જિલ્લા સરકારી વકિલ ચંદનસિંહ રાજપૂત, સામાજિક કાર્યકર વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ, પ્રકાશ બ્રહ્મભટ્ટ, પ્રદ્યુમલ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા આર.બી. બ્રહ્મભટ્ટનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

### ઝાલોદર ગામ નજીક અંબાજીના દર્શન કરી પરત ફરતા

## ટેમ્પોમાં આગ લાગતા ૧૫ પદયાત્રીઓ ઈજાગ્રસ્ત

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઝાલોદર ગામ નજીક મહીસાગર જીલ્લાના દહેગામડા ગામના પદયાત્રીઓ આરાસુરી માતા અંબાજીના દર્શન કરી ટેમ્પોમાં પરત ફરતા ટેમ્પોમાં રહેલા જનરેટરમાં ધડાકા સાથે બ્લાસ્ટ થવાની સાથે આગ ભભૂકી ઉઠતા ટેમ્પોમાં આરામ ફરમાવતા પદયાત્રીઓ દાઝી જતા ભારે અફડાતફડી મચી હતી. કેટલાક પદયાત્રીઓ ચાલુ ટેમ્પાએ રોડ પર કૂદકો લગાવી દેતા ૧૫ પદયાત્રિઓ દાઝી અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ગ્રામજનો દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત મુસાફરોને બે ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા. ટેમ્પોમાં આગ લાગતા મોડાસા ફાયરબ્રિગેડની ટિમ ઘટનાસ્થળે પહોંચી ટેમ્પોમાં લાગેલી આગ પર કાબુ મેળવ્યો હતો. ઘટનાસ્થળે પોલીસતંત્ર પણ બચાવ કામગીરીમાં જોતરાયા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહીસાગર જીલ્લાના દેહગામડા ગામના ૩૦થી વધુ પદયાત્રીઓ અંબાજી પગપાળા જઈ મા જગદજનની અંબેના દર્શન કરી પરત ટેમ્પોમાં વતન તરફ પાછા ફરતા શામળાજી-ગોધરા હાઈવે પર આવેલા ઝાલોદર ગામ નજીક ટેમ્પોમાં રહેલા જનરેટરમાં અગમ્ય કારણોસર આગ લાગતા ટેમ્પોમાં આરામ ફરમાવતા પદયાત્રીઓ દાઝી જતા ટેમ્પોચાલક બ્રેક મારે તે પહેલા આગથી બચવા કેટલાક પદયાત્રીઓએ ટેમ્પોમાંથી કૂદકો મારી દીધો હતો. હાથે પગે ફ્રેક્ચર થવાની સાથે ગંભીર ઈજાઓ પહોંચતા દુર્ઘટનાના પગલે ૧૫ જેટલા દાઝેલા અને ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ ઈમર્જન્સી મારફતે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાતા ઉપસ્થિત તબીબોએ સઘન સારવાર આપી હતી. હાલ તમામ મુસાફરોની સ્થિતિ સ્થિર હોવાથી જાનહાની ટળતા મા અંબેની કૃપા વરસી હોવાની પદયાત્રીઓએ જણાવ્યું હતું. અકસ્માતની ઘટનાની જાણ મહીસાગર જિલ્લા પંચાયતના કારંટા સીટના મહિલા સદશ્ય રેખાબેન જોશીને થતા તાબડતોડ પદયાત્રીઓના દહેગામડા પહોંચી પરિવારજનોને સાંત્વના આપી તમામ પદયાત્રીઓને યોગ્ય સારવાર કરવાની ઘરે લાવવાની વ્યવસ્થા કરી હતી.



### માનવતા મહેકી ટેમ્પોના અન્ય પદયાત્રીઓ માટે એક યુવાને ચા-નાસ્તા અને પાણીની સેવા પુરી પડી

ઝાલોદર ગામ નજીક પદયાત્રીઓ થી ભરેલ ટેમ્પોમાં આગ લાગવાની ઘટનાની જાણ નીરવ મહેશભાઈ પટેલ નામના યુવાનને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટેમ્પોમાં રહેલો તમામ સરસામાન બળી જતા આગની લપેટમાંથી બચેલ પદયાત્રીઓ ભૂખ્યા તરસ્યા ખેતરમાં અને નજીક પેટ્રોલપમ્પ આશરો લીધો હોવાનું નજરે પડતા તમામ પદયાત્રીઓ માટે પીવાના પાણી, ચા-નાસ્તાની વ્યવસ્થા પુરી પાડી ખડેપગે સાથે ઉભો રહી સેવા પુરી પાડતા માનવતા મહેકી હતી.

## મોડાસાના લીંભોઈ ગામેથી ૫૫ થી વધુ પદયાત્રીઓ પાવાગઢ મહાકાળી માતાના દર્શનાર્થે

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના લીંભોઈ ગામેથી છેલ્લા ૬ વર્ષથી ભાદરવી પૂનમે પાવાગઢ ખાતે બિરાજતા મહાકાળી માતાના દર્શનાર્થે મોટી સંખ્યામાં અબાલ, વૃદ્ધ સૌ કોઈ પદયાત્રા યોજી પગપાળા પહોંચે છે. સતત ૭માં વર્ષે લીંભોઇ ગામના ૫૫ થી વધુ પદયાત્રીઓ સાથેના સંઘે પ્રસ્થાન કરતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. લીંભોઇ ગામમાં પ્રસ્થાન સમયે "જય હો મહાકાળી" ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પદયાત્રી અને પગપાળાના સંચાલન કરનાર સુનિલ જોશીના જણાવ્યા અનુસાર ભાદરવી પૂનમે પાવાગઢમાં પર્વત પર બિરાજતા મહાકાળી માતાના દર્શનનો મહિમા અનોખો છે.




## શામળાજીના અણસોલ ગામે ઘર નજીક યુવકનો દાટી દીધેલ મૃતદેહ બહાર કઢાયો

શામળાજી, તા. ૨૦

અણસોલના બે પિતરાઈ ભાઈઓમાં અંગત અદાવતમાં યુવકને કુવામાં ધક્કો મારી મોતને ઘાટ ઉતારતા મૃતક યુવાનના પરિવારજનોએ પિતરાઈ ભાઈના ઘર નજીક મૃતદેહ દફનાવી દેતા



પિતરાઈ ભાઈના ઘરના પરિવારજનોને આવન-જાવનમાં અગવડરૂપ બનતા અને સુગ ચડે તેમ હોઈ તેમજ પરિવારજનોના સ્વાસ્થ્ય સામે પણ ખતરો પેદા થતા રાજુભાઈ કડવાભાઈ પારગી નામના અરજદારે મોડાસા સબ ડિવિઝનલ કોર્ટમાં ન્યાય માટે અરજી કરતા મેજિસ્ટ્રેટે મૃતદેહને બહાર કાઢી અન્ય સ્થાને દફનવિધિનો આદેશ કરતા ૧૦ પીએસઆઈ ૫૦ પોલીસ કોન્સ્ટેબલ અને વજવાન સહિત ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહ બહાર કાઢી નિકાલ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. મૃતદેહ બહાર કઢાતા આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટ્યા હતા. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાન બિછિવાડા નજીક ૧૫-૦૭-૨૦૧૮ના રોજ કુવામાંથી મૃતદેહ મળી આવતા મૃતક યુવાન શામળાજીના અણસોલ ગામનો હોવાથી રાજસ્થાન પોલીસ પીએમ કરી યુવકનો મૃતદેહ પરિવારજનોને સોંપ્યો હતો.

મૃતક યુવાન મગનભાઈ સોમાભાઈ પારઘી અને કાંતિભાઈ સોમાભાઈ પારઘીને રાજુભાઈ કડવાભાઈ પારધીના પિતરાઈ ભાઈઓ થતા હોવાથી અંગત અદાવતમાં કે અગમ્ય કારણોસર રાજુભાઈનો પુત્ર મનીષ તથા ભત્રીજો રાહુલ કાવજી પારઘી અને મહેન્દ્ર સિંગાભાઈ પારગીએ બંને ભાઈનો દારૂ પીવાની લાલચ આપી દારૂ પીવડાવી કુવામાં નાખી દેતા મગનભાઈ પારધીનું મોત નીપજ્યું હતું જયારે કાંતિભાઈ કુવામાં રહેલા ઝાડી-ઝાંખરામાં ફસાઈ જતા આબાદ બચાવ થયો હતો. ત્રણે યુવાનો બંને ભાઈઓ મૃત્યુ પામ્યા હોવાનું સમજી ફરાર થતા બીજા દિવસે બચેલો યુવક બહાર નીકળતા સમગ્ર ઘટનાનો પર્દાફાશ થયો હતો. જેના પગલે મૃતક યુવાનના પરિવારજનોએ યુવાનના મૃતદેહને રાજુભાઈ કડવાભાઈ પારધીના બંને પરિવારોની સંયુક્ત માલિકીમાં રાજુભાઈના ઘર નજીક સંમતિ વગર દાટી દેતા રોજિંદી હરવા ફરવામાં અગવડતા અનુભવતા અને ઘર નજીક મૃતદેહ દાટેલો હોવાથી સુગ ચઢતા અને પરિવારજનોના સ્વાસ્થ્ય માટે ખતરારૂપ સાબિત થાય તે પહેલા રાજુભાઈ કડવાભાઈ પારગી નામના અરજદારે મોડાસા સબ ડિવિઝનલ કોર્ટમાં ન્યાય માટે અરજી કરતા મેજિસ્ટ્રેટે મૃતદેહને બહાર કાઢી અન્ય સ્થાને દફનવિધિનો આદેશ કરતા ૧૦ પીએસઆઈ ૫૦ પોલીસ કોન્સ્ટેબલ અને વજવાન સહિત ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહ બહાર કાઢી નિકાલ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. મૃતદેહ બહાર કઢાતા આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટ્યા હતા. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસતંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

## ડીસાના જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા દાંતા નજીક સૌથી મોટા સેવા કેમ્પનો પ્રારંભ

### પ્રદેશ ભાજપ પ્રમુખ સહિતના અગ્રણીઓએ ભાવિકોને ભોજન પીરસી સેવાનો લાભ લીધો

ડીસા, તા. ૨૦

અંબાજી ખાતે યોજાઈ રહેલા ભાદરવી પૂર્ણિમાના મેળામાં ઉમટતા ભાવિકો માટે સંખ્યાબંધ સેવા કેમ્પો પણ ધમધમી રહ્યા છે



ત્યારે આજે દાંતા નજીક જય જલિયાણ ગ્રુપના સૌથી મોટા સેવા કેમ્પનો પણ મંગળ પ્રારંભ થયો છે.

જય જલિયાણ ફાઉન્ડેશન દ્વારા ૧૨ વર્ષથી યોજાતા આ સેવા કેમ્પમાં પદયાત્રીઓને ચા-નાસ્તો, ભોજન, આરામની ઉત્તમ વ્યવસ્થા તેમજ મેડિકલ સુવિધા પુરી પડાય છે. આ કેમ્પનો આજે ગુરુવારે વિધિવત રીતે પ્રારંભ કરાયો હતો. દાંતા નજીકના રતનપુર પાસે બનાસ દૂધ શીત કેન્દ્ર સામે આજથી શરૂ થયેલા આ સેવા કેમ્પ માટે ૪૦ હજાર ફૂટ જેટલો વિશાળ સમીયાણો બંધાયો છે. આ કેમ્પમાં પદયાત્રી ભાવિકોને શુદ્ધ ઘીની બુંદી સાથે ભોજન, સવારે સ્વાદિષ્ટ ચા-નાસ્તો, આરામ કરવાની સુવિધા તેમજ મેડિકલ સેવાની સુવિધાઓ પુરી પડાય છે. આજે ગુરુવારે જય જલિયાણ ફાઉન્ડેશનના દીપકભાઈ ઠક્કર, હિતેશભાઈ ઠક્કર સહિત અન્ય અગ્રણીઓની ઉપસ્થિતિમાં માતાજીની આરતી ઉતારી આ કેમ્પને ખુલ્લો મુકાયો હતો. પાંચ દિવસ સુધી ચાલનાર આ સેવા કેમ્પમાં અંદાજે પાંચ લાખથી વધુ લોકો સેવાનો લાભ લે છે. આ કેમ્પમાં રોટલી બનાવવા માટે દર કલાકે ૧૦૦૦૦ થી વધુ રોટલી બનાવતું ઓટોમેટિક મશીન લગાવાયું છે. જય જલિયાણ ફાઉન્ડેશન, ડીસા દ્વારા આયોજિત આ સેવા કેમ્પના પ્રથમ દિવસે આજે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, રાજયના પૂર્વમંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી. પટેલ, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ સહિત અન્ય આગેવાનોએ આ કેમ્પની રૂબરૂ મુલાકાત લઈ પદયાત્રીઓને જાતે ભોજન પીરસી સેવાનો લાભ લીધો હતો. આ કેમ્પના આયોજકોએ પણ પદયાત્રીઓને કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

### કાંકરેજમાં બાઈક અને ગાડી વચ્ચે અકસ્માત

આંગણવાડા ઉંદરા જતા રોડ ઉપર એક સફેદ રંગની વેગેનાર ગાડી પુર ઝડપથી આવી રહી હતી તે સમયે એક બાઈક ચાલક જે સાપ્રા ગામનો યુવાન હતો જેને જોરદાર ટક્કર મારીહતી અને મોટો ધડાકો થતાં લોકોના ટોળા એકઠા થયા હતા ત્યારે એક જાગૃત નાગરિક દ્વારા શિહોરી ૧૦૮ ને ફોન કરતા તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્ત ને સારવાર અર્થે લઈ ગયા હતા

## સાયન્સ કોલેજ તલોદના વિદ્યાર્થીઓનો અભ્યાસ પ્રવાસ

સાયન્સ કોલેજ તલોદના બી.એસ.સી. સેમ.૫ અને એમ.એસ.સી. સે. ૧ અને ૩ વનસ્પતિશાસ્ત્ર વિષયના ૪૯ વિદ્યાર્થીઓ પોળો, વિરેશ્વર, આંતરસુંબા, વણજ ખાતે અભ્યાસ પ્રવાસમાં જોડાયા. પ્રવાસનું આયોજન વનસ્પતિશાસ્ત્ર વિભાગના ડૉ. કે.સી. પટેલ દ્વારા કરવામાં આવેલ. આ પ્રવાસમાં અભ્યાસક્રમ સંલગ્ન અરવલ્લી ડુંગરોના જંગલોની વિવિધ વનસ્પતિઓ વિશે માહિતી એકત્ર કરવામાં આવી. વિવિધ દ્વિઅંગી, ત્રિઅંગી, અનાવૃત અને આવૃત બીજધારી વનસ્પતિઓની માહિતી મેળવી જેનો વર્ષભર પ્રયોગશાળામાં અભ્યાસ પ્રાયોગિક રીતે કરવામાં આવે છે. પ્રકૃતિના વિવિધ પરિબળો જેવા કે જંગલો, પર્વતો, નદી, પુલ, તળાવ, ઐતિહાસિક ઈમારતો, શહેરીકરણ, સાંસ્કૃતિક વારસો વગેરે વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

### ખેડબ્રહ્મા શ્રેષ્ઠ શાળા પરિસંવાદ શેઠ કે ટી હાઈસ્કૂલ ખાતે યોજાયો

સાબરકાંઠા જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય દ્વારા સાબરકાંઠા જીલ્લાના તમામ તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, બી.આર. સી.કો.ઓ., સી.આર.સી. મિત્રો, એચ.ટાટ મિત્રો તથા શ્રેષ્ઠ શાળાના આચાર્યોનો પરિસંવાદ શેઠ કે.ટી. હાઈસ્કૂલ ખેડબ્રહ્મા ખાતે યોજાયો. જેમાં તાલુકાવાર શ્રેષ્ઠ શાળાએ પ્રેઝન્ટેશન દ્વારા પોતાની વાત રજુ કરી. આ સમયે આર.એસ. ઉપાધ્યાય સાહેબે જણાવ્યું કે આપણી પાસે જે સંશાધનો ઉપલબ્ધ છે તેનો ઉપયોગ કરી શ્રેષ્ઠતમ પ્રદર્શન કરી શકીએ છીએ. ખેડબ્રહ્મા બીઆરસી કો.ઓ. દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.




### ભેટાલી ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભેટાલી ગામમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.જીલ્લા અંધત્વ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ અંધજન મંડળ સંચાલિત નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ઉદય સેવા સંસ્થાન, ભિલોડા,ભેટાલી ગ્રામજનોના સહયોગથી મફત નેત્ર નિદાન કેમ્પમાં ૧૦૭ દર્દીઓની આંખોની ચકાસણી ડૉક્ટરો ધ્વારા કરવામાં આવી હતી. ૨૧ દર્દીઓને મોતીયો હોઈ નવલભાઈ અને હિરાબા આંખની હોસ્પિટલ, બારેજા ખાતે મોતીયાનું ઓપરેશન કરી દવાઓ આપવામાં આવશે તેમ જણાવ્યું હતું.